જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૨/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૩૨૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧ | ૩,૭૪,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૦/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૩ કેસ કરી, ૯૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૨ લીટર દેશી દારૂ, ૭૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨૨ બિયર ટીન, ૧ કાર, ૧ પીક-અપ ગાડી, ૧ ટ્રક અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૧/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૨/૨૦૨૨</u>**

**ચાંદખેડાઃ** મહેંદીઅલી રસુલભાઇ નાથામેઠા (રહે. હાઇ-વે મોલ દુકાન નંબર-એફ/૧૨૭, વનટેન રેસ્ટોરેન્ટ ચાંદખેડા બસ સ્ટેશન પાસે કલોલ રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી રાતના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે રેસ્ટોરેન્ટની ઓફિસ પાછળના ભાગે બારીનો કાચ તોડી અજાણી વ્યક્તિ ઓફિસમાં અંદર પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**વેજલપુરઃ** પ્રથમેષ કિર્તીકુમાર કાંઠાવાલા (રહે. ભાવશાર સોસાયટી નવા વાડજ) એ તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા ફતેવાડી કેનાલ પાસે ગ્યાસપુર મેટ્રો ડેપોની પાસે તોસીબા વોટર સોલ્યુશન પ્રા.લી.કંપનીના એ.એમ.સી ૨૪૦ એમ.એલ.ડી એસ.ટી.પી પ્લાન્ટની અંદર અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ભારત બીજલી કંપનીની ચાર મોટર કિમત રૂપિયા ૨૪,૦૦૦/- તથા પંપનુ સકશન રીડ્યુશર ૫૦૦/૨૫૦ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૪૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૩/૨૦૨૨</u>**

**મણીનગરઃ** શેરુ બમનશા માજરા (રહે. માજરાવાલા શીખ ગુરુધ્વારા સામે મણીનગર) એ તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે છે કે તા.૧૮/૧૧/૨૦૨૨ થી તા.૧૫/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૬૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૪/૨૦૨૨**

**નરોડાઃ** જીતેન્દ્રકુમાર દેવીલાલ માલી (ઉ.વ.૨૬) (રહે. અંબિકાનગર સ્વપ્નસૃષ્ટી બંગ્લોઝની બાજુમાં શૈલ્બી હોસ્પિટલ પાસે કૃષ્ણનગર) તા.૨૪/૧૨/૨૦૨૨ રાતના ૩/૪૫ વાગ્યાના સુમારે નરોડા પાટીયા સર્કલ તુલસી હોસ્પિટલ સામે ત્રણ પુરૂષોએ જીતેન્દ્રકુમાર માલીના હાથમાંથી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૫,૦૦૦/- તેમજ જરૂરી કાગળો સાથેનુ પર્સ અને ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીતેન્દ્રકુમાર માલીએ તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૫/૨૦૨૨**

**ઘાટલોડીયાઃ** મેમનગર મેમનગર તળાવ પાસે વિશ્વાલેક સાઇટ ખાતે મજુરી કામ કરતા પપ્પુભાઇ વાલજીભાઇ કટારા (ઉ.વ.૪૫) તા.૨૧/૧૨/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે સાઇટ ખાતે બેઝમેન્ટ-૧ ની ખુલ્લી જગ્યાએથી પગ લપસી જતા બેઝમેન્ટ-૨ માં પડી જતા ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૨/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર દલસંગભાઇ ચલાવે છે.

**વાસણાઃ** વાસણા મુરલીધર પાન પાર્લરની પાછળ ગુપ્તાનગર ખાતે રહેતા અને મજુરી કામ કરતા ભેરુલાલ દેવીલાલ મીણા (ઉ.વ.૪૨) (મુળ વતન. મુંગરીખેત ડિંગરી સરાડા ઉદયપુર રાજસ્થાન) તા.૨૬/૧૨/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે વાસણા એકતા એવન્યુ બ્લોક નંબર સી ના આઠમા માળે બહારની દિવાલના ભાગે ઝુલા ઉપર બેસી પાઇપ રિપેરિંગનું કામ કરતા હતા ત્યારે આઠમા માળે ઝુલા ઉપરથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ક્રિપાલસિંહ સજ્જનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી